**રાજકોટ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો**

***15-4-880 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા**(ગોંડલ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | (૧) | કુલ- ૮૭. |
| (૨) | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૪૫ ફરિયાદોમાં ૫૩ શ્રમયોગીઓને રૂ.૧૪,૭૪,૫૫૩/-નું ચુકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૧૩ ફરિયાદોમાં ૨૨ કોર્ટ કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૩ ફરિયાદોમાં ૦૩ શ્રમયોગીઓને રીકવરીની સલાહ આપવામાં આવેલ છે.<br>• ૦૩ ફરિયાદોમાં અરજદારશ્રીને સંસ્થા સાથે સમાધાન થતા ફરિયાદ પરત ખેંચેલ છે.<br>• ૦૨ ફરિયાદમાં કાયદાનું પાલન થયેલ જણાયેલ છે.<br>• કુલ- ૦૩ કારખાના વિરુદ્ધ કુલ- ૦૭ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• અન્ય ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

--------------------